Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||   MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)   || શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

August 2026 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ • અંક ૨૯૧ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 • તા. ૧૫/૦૮/૨૦૨૬ • પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### સમયની માંગ અને સામાજિક એકતાનું પ્રતીક - ઘાટકોપર વાડીનો પુનઃવિકાસ

આપણી વર્ષો જૂની અસ્કયામતને નવું નવજીવન આપવા માટે આપણે સૌએ ખભેખભા મિલાવીને આગળ આવવાનો આ એક સોનેરી સુવર્ણ અવસર છે. આપણું આ શહેર એ માત્ર ભૌગોલિક સીમાઓમાં નથી, પણ વિવિધ ૨૨ નાની મોટા સમૂહ અને આથમણ/ઉગમણા વિસ્તારનું એક સુંદર સંગમસ્થાન છે.

આપણી જ્ઞાતિનું મુંબઈમાં સર્વ પ્રથમ સ્થાન કે ઠામ એ આ આપણી ઘાટકોપર પાટીદાર વાડી છે, જેના માટે આપણે સૌ ગર્વ અનુભવીએ છીએ.

આ સામાજિક તાણાવાણાની વચ્ચે વર્ષોથી ઉભેલી આપણી ‘ઘાટકોપર પાટીદાર વાડી’ માત્ર એક મકાન નહી, પરંતુ આપણા અનેક સુખ-દુઃખના પ્રસંગો, સાંસ્કૃતિક ઉત્સવો અને સામાજિક મેળાવડાઓની સાક્ષી રહી છે. યુવક મંડળની પ્રવૃતિઓ જેવી કે બુક બેંક, ઈનામ વિતરણ ઈત્યાદિની સાક્ષી રહી છે.

સમયના વહેણ સાથે આ ઐતિહાસીક વાડીનું ભવન હવે જર્જરિત થઈ ચૂક્યું છે. બદલાતા સમય અને વધતી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ આયોજીત
## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી સહયોગી

### ઉમિયા માતાજી મંદિર, પાટીદાર ભવન-ડોંબીવલીના પાટોત્સવ-૨૦૨૬નો અહેવાલ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ દ્વારા તા. ૨૬.૦૭.૨૦૨૬ને રવિવારે ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે જ્ઞાતિજનોની ઉપસ્થીતિમાં કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ ભૂદેવો દ્વારા માતાજીના જયજયકાર સાથે સવારે ૭.૩૦ કલાકે મહાયજ્ઞની શુભ શરૂવાત કરેલ હતી, હવનના દાતાઓની સાથે ડોંબીવલી સમાજ, યુવક મંડળ, મહિલા મંડળ, વિવિધ ગટક સમાજના પદાધિકારીઓ તેમજ સર્વે જ્ઞાતીજનોએ હવનનો લાભ લીધેલ હતો.

ત્યારબાદ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના સહ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનસુખ પચાણ વાડિયા દ્વારા ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરેલ હતું.

ત્યારબાદ શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈના ચેરમેન શ્રી કાંતિલાલ નારણ સેંઘાણીએ પોતાના મંતવ્ય જણાવેલ કે મુંબઈમાં પ્રથમ કુળદેવી ઉમિયા માતાજીનું જે શિખરબંદ મંદિર છે એના પાટોત્સવમાં મુંબઈની સર્વે ગટક સમાજ ભાગ લે અને મુંબઈમાં વસ્તા સર્વે જ્ઞાતિજનો આ કાર્યક્રર્મમાં ઉપસ્થિત રહે એ હેતુથી આ વર્ષે થી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવનું આયોજન જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ દ્વારા કરવાનું નક્કી કરેલ છે, તેમજ ઉમિયા માતાજી મંદિરને આજે નવ વર્ષ પૂર્ણ થયા છે માટે આ નવમો પાટોત્સવ આજે આપણે ઉજવી રહ્યા છીએ અને આવતા વર્ષે ૧૦ વર્ષ પૂર્ણ થતા હોય આગામી પાટોત્સવ દશાબ્દી વર્ષ તરીકે ભવ્ય થી ભવ્ય રીતે ઉજવાનું નક્કી કરેલ છે, આ પાટોત્સ્વ વિવિધ ગટક સમાજ અને મુંબઈના વિવિધ વિસ્તાર માંથી જે પણ દાતાશ્રીઓએ યોગદાન આપ્યું છે એ સર્વેનો આભાર માનેલ હતો.

ત્યારબાદ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના વા. ચેરમેન શ્રી નરેન્દ્ર કલ્યાણજી ઘોળું એ આભારવિધિ કરેલ હતી.

ત્યારબાદ સર્વે દાતાશ્રીઓના હસ્તે મંદિરમાં વિવિધ પૂજાઓ ચરણાઅભિષેક, શણગાર, નુતન ધ્વજા રોહણ, મહાપ્રસાદ, મહાઆરતી કરવામાં આવેલ હતી તેમજ ૧૦૮ ગોયણીનું દાતાશ્રીઓ, જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ, યુવા મંડળ-મુંબઈ, મહિલા મંડળ-મુંબઈ, ડોબીવલી સમાજ, યુવક મંડળ, મહિલા મંડળના હસ્તે પૂજન કરી તેમને ભેટ આપવામાં આવેલ હતી. ત્યારબાદ સર્વે મહાપ્રસાદ લઈ કાર્યક્રમને પૂર્ણ કરેલ હતો.

લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી - મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી પ્રકાશ હરજી માવાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ-મુંબઈ

**સનાતની ક્રિકેટ લીંગ - ૨૦૨૬**

Monsoon Open Tuff

**ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ અને ફુટબોલ ટુર્નામેન્ટ**

**સિઝન - ૩**

શ્રી ક.ક.પા.સનાતન યુવા મંડળ-મુંબઈ દ્વારા

''સનાતની ક્રિકેટ લીગ - ૨૦૨૬ ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું

**આયોજન આગામી**

**તા. ૦૬.૦૯.૨૦૨૬ને રવિવારેના શુભ દિવસે**

Samajonnati Collage, Shikshan Sanstha Ground

**બોરીવલી ખાતે કરવામાં આવેલ છે.**

આ કાર્યક્રમનું રજીસ્ટ્રેશન તારીખ ૦૯.૦૮.૨૦૨૬ થી લાસ્ટ તારીખ ૨૦.૦૮.૨૦૨૬ જેની આપ સૌ નોંધ લેશો.

1. Above 15 Men's
2. Under 15 Boys
3. Women's turf
4. Football Turf

Age Cut-off (Tournament 14th September 2025)

Circket - Under 15 (U-15)

Eligible DOB : on or after 07.09.2011

***

Football - Age Groups

9 to 16 years - Eligible

DOB : 07.09.2009 to 08.09.2017

17 to 25 years - Eligible

DOB : 07.09.2000 to 08.09.2010

''આપનો સાથ સહકાર એજ મંડળનો વિકાસ

**આભાર સહ**

**પ્રમુખ : શ્રી વિનય જેઠાલાલ છાભૈયા**

**મહામંત્રી : શ્રી ભાવેશ પ્રેમચંદ પોકાર**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, ઘાટકોપર દ્વારા આયોજિત

# ''GYM પ્રી નવરાત્રી ૨૦૨૬''

ઘાટકોપરના યુવાનોમાં નવરાત્રીના ઉત્સવનો ઉમંગ અને ઉત્સાહ વધારવા માટે શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, ઘાટકોપર દ્વારા ''GYM પ્રી નવરાત્રી ૨૦૨૬''નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ શનિવાર, તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યાથી પાટીદાર વાડી ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં આપડી સમાજનું ગૌરવ અને લોકપ્રિય ગાયક બંસી પટેલ અને ઉમંગ પટેલ પોતાના મધુર સ્વરોથી સૌને ગરબાના રંગમાં રંગી દેશે. સંગીત, ગરબા અને આનંદમય વાતાવરણ સાથે યુવાનોને એક યાદગાર સાંજ માણવાનો અવસર મળશે.

આ કાર્યક્રમ ઘાટકોપરના ૧૫ થી ૪૫ વર્ષની વયના તમામ યુવક-યુવતીઓ માટે સંપૂર્ણ નિઃશુલ્ક રાખવામા આવ્યો છે.

*** કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ફરજિયાત છે. ***

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ માટે રાત્રિભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

વધુ માહિતી માટે યુવા મંડળના ઉત્કર્ષ સમિતિના કન્વેનર : દર્શના રામજીયાણી (૯૯૮૭૧૯૩૩૫૮) અથવા દેવાંશી ભોજાણી (૭૭૧૮૮૧૫૧૫૦)નો સંપર્ક કરો.

આ કાર્યક્રમના આયોજનમાં સમગ્ર ઘાટકોપર યુવા મંડળ દ્વારા તમામ યુવાનોને ઉપસ્થિત રહી આ પ્રી નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, ઘાટકોપર આયોજિત GYM પ્રી નવરાત્રી ૨૦૨૬ માટે માનનીય દાતા આવકાર્યા છે. ટાઈનલ સ્પોન્સર (રૂા. ૧,૫૧,૦૦૦) તથા કો-સ્પોન્સર (રૂા. ૫૧,૦૦૦).

**દાતાઓના નામ નોંધવા માટે સંપર્ક સ્તોત્ર :-**

**રોહિત ઘોળું : +૯૧ ૯૮૩૩૩૧૬૮૫૧**

**કાર્તિક સેંઘાણી : +૯૧ ૯૯૮૭૭૬૫૦૫૧**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર**

**પ્રમુખ : મયુર સેંઘાણી - મંત્રી : હેનાલી પારસીયા**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, ઘાટકોપર આયોજિત 'યુવા મોન્સૂન ગેટઅવે ૨૦૨૬' સફળતાપૂર્વ સંપન્ન

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, ઘાટકોપર દ્વારા તા. ૧ અને ૨ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન માસ્ટિફ ગ્રાન્ડ લા વિલે, લોનાવલા ખાતે બે દિવસી 'યુવા મોન્સૂન ગેટઅવે ૨૦૨૬'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં કુલ ૬૮ યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા.

પ્રવાસની શરૂઆત સવારે ૭.૩૦ વાગ્યે પાટીદાર વાડી ખાતે સૌએ સાથે મળીને નાસ્તો કર્યા બાદ ૮.૩૦ વાગે કરવામાં આવી હતી. દાતા શ્રી મહેશ ધનજી વેલાણી પરિવાર વતિ થી સવારના નાસ્તાનું આયોજન થયેલ હતું. ત્યારબાદ સૌ લોનાવલા તરફ પ્રસ્થાન કરી લગભગ ૧૨.૩૦ વાગ્યે રિસોર્ટ ખાતે પહોંચ્યા હતા. ચેક-ઈન બાદ સૌએ સાથે મળીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો.

બપોર બાદ વિવિધ મનોરંજક રમતો અને ટીમ એક્ટિવિટિઝનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સાંજે હાઈ ટી અને નાસ્તા બાદ યોજાયેલ લાઈવ સિંગિંગ સાથેના ડિનર કાર્યક્રમે સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી દીધું. સૌ સંગીત, મનોરંજન અને મિત્રતાની યાદગાર પળો માણી હતી.

પ્રવાસના બીજા દિવસે કેટલાક સભ્યોએ વહેલી સવારે પ્રકૃતિના સાનિધ્યમાં મોર્નિંગ વોકનો આનંદ માણ્યો, જ્યારે અન્ય સભ્યોએ સ્વિમિંગ પૂલમાં સમય વિતાવ્યો. બપોરે ૧૨.૦૦ વાગ્યે ચેક-આઉટ કર્યા બાદ પરત ફરવાના માર્ગમાં સૌએ સાથે મળીને બપોરના ભોજનનો આનંદ માણ્યો અને સાંજે અંદાજે ૬.૦૦ વાગ્યે ઘાટકોપર પરત ફર્યા.

સંપૂર્ણ પ્રવાસ દરમિયાન સૌમાં ઉત્સાહ, એકતા, મિત્રત અને આનંદનો સુંદર માહોલ જોવા મળ્યો. આ બે દિવસીય 'યુવા મોન્સૂન ગેટઅવે ૨૦૨૬' તમામ સહભાગીઓ માટે યાદગાર અને અવિસ્મરણીય બની રહ્યો.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - ઘાટકોપર**

**પ્રમુખ : મયુર સેંઘાણી - મહામંત્રી : હેનાલી પારસીયા**

***

**તંત્રી સ્થાને થી.....** પાના નં. ૧થી ચાલું...

હવે આપણી ઘાટકોપર પાટીદર વાડીનો આધુનિક ઢબે પુનઃવિકાસ (Redevelopment) કરવો એ અનિવાર્ય બન્યું છે. જેને માટે ટ્રસ્ટીઓએ અસાધારણ સભામાં મંજુરી મેળવેલ છે.

કોઈપણ મોટા અને પવિત્ર કાર્યની શરૂઆત ભલે આપણી જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ અને તેના દ્વારા નિયુક્ત નિમાર્ણ સમિતિ તેમજ ફંડ આયોજન સમિતિ દ્વારા થાય, પણ તેની સફળતાનો સંપૂર્ણ આધાર સમગ્ર આપણા સૌની ભાગીદારી ઉપર હોય છે.

ઘાટકોપર પાટીદાર વાડી ભલે નામથી એક વિસ્તાર સાથે જોડાયેલી હોય, પણ તેનો ઉપયોગ હંમેશાં 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના સાથે સમગ્ર જ્ઞાતિના ભાઈ-બહેનો માટે ખુલ્લો રહ્યો છે. પછી તે લગ્ન પ્રસંગ હોય, સામાજિક સંમેલન હોય કે કોઈ દુઃખદ ઘડી, આ પરિસરે ક્યારેય કોઈની વચ્ચે ભેદભાવ રાખ્યો નથી. તેથી જ, આપણી વાડીના નવનિર્માણની જવાબદારી પણ માત્ર એક વિસ્તાર પૂરતી સીમિત ન રહેતા સમગ્ર મુંબઈ વિસ્તારની રહે છે.

આ પુનઃવિકાસ યજ્ઞમાં દરેક જ્ઞાતિજનો સહયોગ અત્યંત મૂલ્યવાન છે. આવો આપણે સૌ આ મહાયજ્ઞમાં આપણું અમુલ્ય યોગદાન આપીએ.

આ સહયોગ આપણે ત્રણ પ્રકારે આપી શકીએ :

આર્થિક સહયોગ (ધન સેવા) : નાનામાં નાનું દાન પણ આ ભગીરથ કાર્ય માટે ઈંટ-પથ્થર સમાન બની રહેશે. આપની યથાશક્તિ પ્રમાણે આપેલું આર્થિક યોગદાન ભવિષ્યની પેઢી માટે એક આધુનિક સુવિધા ઊભી કરશે.

અમૂલ્ય સૂચનો (વિચાર સેવા) : આ નવું ભવન કેવું હોવું જોઈએ? તેમાં કઈ આધુનિક સુવિધાઓ, પાર્કિંગ વ્યવસ્થા કે કમ્યુનિટી હોલની જરૂરિયાત છે ? તેના આયોજન માટે બુદ્ધિજીવીઓ અને અનુભવી લોકો પોતાના રચનાત્મક વિચારો અને સૂચનો આપીને આ પ્રોજેક્ટને વધુ બહેતર બનાવી શકે.

સક્રિય લોકભાગીદારી ( તન સેવા) : યોજનાના આયોજનથી લઈને તેના અમલીકરણસુધી, દેખરેખ સમિતિઓમાં અને સ્વયંસેવક તરીકે ઉત્સાહી યુવાનો, આર્કિટેક્સ/એન્જીનીયર અને વડીલો જોડાશે, ત્યારે જ આ કાર્યમાં સાચી પ્રગતિ અને એકતાની સુવાસ ફેલાશે તેમજ સમસ્ત મુંબઈજનોનું ગૌરવ વધશે.

આથી આપણા સૌ નો સાથ સહકારનો સમન્વય એ સાબિત કરશે કે આપણે ભલે વિસ્તારોમાં અલગ હોઈએ, પણ સામાજિક વિકાસ અને સદ્ભાવનાના કાર્યોમાં આપણે સૌ એક છીએ.

આવો, આપણે એક આદર્શ વ્યવસ્થાનું ઉદાહરણ પૂરૂં પાડીએ. આ પુનઃવિકાસના કાર્યને એક જન-આંદોલન બનાવીએ અને તન, મન તથા ધની આ પવિત્ર કાર્યમાં સહભાગી થઈએ.

આજનું આપણું આ નાનું પગલું, આવતીકાલના ભવ્ય અને સમૃદ્ધ પાટીદાર વાડીનું નવ નિર્માણ કરશે. એજ અભિલાષા સાથે.

**છગનભાઈ નાનજીભાઈ રામજીઆણી - તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી - સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી - સહતંત્રી**


**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત**
**સહયોગી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપર**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - મુલુંડ**


OJAS™ SMART MOVE, SMART LIFE

**પેઢાનો વિકાર - પાયોરિયા**
(કોઈ પણ દવા વિના પેઢાનો રોગ મટાડો)

- પાયોરિયા એટલે પેઢાનો ગંભીર ચેપ, આ દાંતની આસપાસના પેઢા અને હાડકાંને નુકસાન પહોંચાડે છે.
- આનું મુખ્ય કારણ દાંત પર પ્લેક અને ટાર્ટર જમા થવું વધારે મીઠાઈ અને ચીકણી વસ્તુઓ ખાવું, બેક્ટેરિયા નો ચેપ, યોગ્ય રીતે બ્રશ ન કરવું.
- જો સમયસર સારવાર ન કરો તો દાંત પડી શકે ,પેઢા અને હાડકાં નબળાં પડે અને મોઢાની hygiene ખૂબ ખરાબ થઈ જાય.




હાથ ના અંગુઠા માં પેઢા ના સંબંધિત પોઇન્ટસ ને શોધી આ પોઇન્ટસ ને સક્રિય કરો અને ઇન્ફેકશન હોય તો બ્લુ કલર કરી મગ લગાડો .(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( St 44* ,Si 5* )

<u>**વિશેષ**</u> : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ,
- અનંત કોટી બ્રહ્માંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા **પેઢા** ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)

હરિઓમતત્સત્

<u>**નોંધ**</u> - સુજોક પદ્ધતિ વિષે વિગતવાર સમજ આપતી એક બુક ઉપલબ્ધ છે, જેમાં મૂળભૂત તેમજ પ્રેક્ટિકલ પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે. આ બુકના અભ્યાસથી અનેક લોકોએ આરોગ્યલાભ અનુભવ્યો છે.આજે જ મેળવો અને સ્વસ્થ જીવન તરફ પગલું ભરો.

સંપર્ક : રીટા રૂડાણી -8779417199 શ્રુતિ સેંઘાણી - 9137868465
Email id – ojjastherapy11@gmail.com


## પાટીદાર પ્રગતિ મુખપત્રમાં જાહેરાત આપવા બાબત

ભારત સરકારશ્રીના બદલાયેલ નિયમો મુજબ મુખપત્રકના પોસ્ટના ખર્ચમાં ધરખમ વધારો થયેલ છે. તો તે ખર્ચને પહોંચી વળવા મુખપત્રમાં જાહેરાત છાપવાનું નક્કી કરેલ છે. જેમાં ધંધાકીય તેમજ સ્વજનોના જન્મદિવસ, શ્રદ્ધાંજલી અને ખુશીના પ્રસંગોની જાહેરાત આપી શકાશે. જાહેરાત મુખપત્રકના અંદરના પાના પર છાપવામાં આવશે. જેના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| જાહેરાત | માસિક | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧/૪ પાનું | ૬,૦૦૦/- | ૧૭,૧૦૦/- | ૩૨,૪૦૦/- | ૪૮,૦૦૦/- |
| ૧/૨ પાનું | ૯,૦૦૦/- | ૨૫,૬૫૦/- | ૪૮,૬૦૦/- | ૯૬,૦૦૦/- |
| ફૂલ પાનું | ૧૭,૦૦૦/- | ૪૮,૪૫૦/- | ૯૧,૮૦૦/- | ૧,૮૦,૦૦૦/- |

Size: 1) 1/4 Page - 17 cm x 12 cm
2) 1/2 Page - 17 cm x 24 cm
3) Full Page - 34 cm x 24 cm

૧) જાહેરાતની પીડીએફ ફાઈલ મહિનાના અંતિમ દિવસ સુધી ૧૦૦% એડવાન્સ પેમેન્ટ આપીને ઘાટકોપર વાડીમાં પહોંચાડવાની રહેશે.
૨) જાહેરાત છાપવાનો અંતિમ નિર્ણય પ્રકાશન સમિતિનો રહેશે.
૩) ઉપરોક્ત દરમાં વ્યવસાયીક જાહેરાત અર્થે ૧૫% અને શ્રદ્ધાંજલી, જન્મ દિવસ, ખુશીના પ્રસંગો અર્થે ૨૦% ડીસકાઉન્ટ આપવામાં આવશે.
૪) વધુ માહિતી માટે નીચેના સંપર્ક સૂત્રનો સંપર્ક કરશો.

**શ્રી કાંતીભાઈ સેંઘાણી ૯૮૩૩૭૬૮૧૧૧**
**શ્રી પ્રકાશભાઈ માવાણી ૭૬૬૬૯૪૬૬૬૯**













જીંદગી ત્યારે સફળ ગણાય, જ્યારે તમારો પરિચય તમારે ન આપવો પડે.